ગુજરાતમિત્ર
# શો ટાઇમ
ગુરુવાર ૬ ફેબ્રુઆરી, ૨૦૨૫



તાપસી માટે આ હાઇટાઇમ છે. જો તે કશું ખાસ હાંસલ નહીં કરશે તો ફિલ્મો અને પિયરનો દેશ છોડી ડેન્માર્કની રહેવાસી થઇ જશે. તેલુગુ ફિલ્મોથી તેણે શરૂઆત કરેલી, પણ સાઉથના નિર્માતા તો નવી નક્કોર પણ હિન્દીની નિષ્ફળ જતી અભિનેત્રીને પહેલાં ચાન્સ આપે છે

## વો તાપસી હે કહાં?

ગ્લેમર

ગમે તે કહો ‘ઇમરજન્સી’ ફિલ્મથી કંગના રણૌતે તેની એક્ટ્રેસ અને દિગ્દર્શક તરીકેની ઇમેજ સુધારી લીધી છે. પણ એવું તાપસી પન્નુ વિશે ક્યારે થશે? તે ખબર નથી. તાપસી જો કે ફક્ત એક્ટ્રેસ છે અને બીજી ફિલ્મી મહત્વાકાંક્ષા ધરાવતી હોય એવું હમણાં તો જણાતું નથી. તે તો ડેન્માર્કના બેડમિન્ટન ખેલાડી માથિમીસ બૉને દસેક મહિના પહેલાં પરણી ય ગઇ છે. બૉએ તો ટેનિસમાંથી 2020માં નિવૃત્તિ લીધી છે, પણ તાપસી હજુ તેની કારકિર્દીના મધ્યમાં છે. હા, તેની કારકિર્દી એક ઉંચાઇએ પહોંચવામાં હતી અને પહોંચવા પહેલાં સ્થિર થઇ ગઇ છે. ગયા વર્ષે ‘ફિર આયી હસીન દિલરુબા’ કાંઇ બહુ જોર નહોતી કરી શકી. એ ફિલ્મની સ્ટારવેલ્યુ પણ વધારે નહોતી કારણ કે, તેની સાથે વિક્રાંત મેસ્સી અને સની કૌશલ હતા. ‘ખેલ ખેલ મેં’ માં અક્ષય કુમાર જરૂર હતો પણ તેના તો દિવસો સારા ચાલતા ન હતા એટલે એ ફિલ્મમાં તાપસીનું તપ ફળ્યું નહીં. ‘ડંકી’ ફિલ્મની સફળતા તાપસીને ટૉપ પર લઇ જવામાં મદદરૂપ નથી થઇ. તેણે ‘બ્લર’ અને ‘ધકધક’ ફિલ્મો નિર્માત્રી તરીકે બનાવી તો પણ ફરક નથી પડયો. તાપસી જો ગ્લેમરસ ભૂમિકાઓ વધુ સ્વીકારે તો તેમાં ચાલે તેવી છે પણ તે મોટા સ્ટાર્સવાળી મનોરંજક ફિલ્મોમાં પોતાની ઇમ્પેક્ટ ગુમાવવાના ડરથી જરા બંધાયેલી રહે છે. પોતાનો રોલ અગત્યનો હોવો જોઇએ તેની તે કાળજી રાખે છે અને તે તેના માટે સારી અને ખરાબ બંને બાબત છે. હમણાં થિયેટરમાં સફળ જતી ફિલ્મોની સંખ્યા જ ઓછી થઇ ગઇ છે તો તાપસી શું કરે? પણ તેણે લોકપ્રિય સ્ટાર સાથે જોડી બનીને ટકી જવાનો નુસખો હજુ સુધી તો અપનાવ્યો નથી. તાપસી કોઇ નિર્માતા યા દિગ્દર્શકની ફેવરિટ બનવાની ચાલ પણ ચાલતી નથી. હવે તો તે પરણી પણ ગઇ છે એટલે વધારે મુક્ત રીતે પોતાને પસંદ એવી ફિલ્મોમાં કામ કરે છે. અત્યારે તેની પાસે જે ત્રણ ફિલ્મો છે તેમાંથી એવી એક પણ નથી જેની રજૂઆતની તારીખ જાહેર થઇ હોય. આનો મતલબ કે તેની પાસેની ફિલ્મો બહુ ધીમી રીતે બની રહે છે. તે કોઇ મોટા બેનરની ફિલ્મો ય નથી અને એકદમ જાણીતા દિગ્દર્શકોની પણ નથી. તેની પાસે ‘ગાંધારી’ છે, પણ તેના સહકલાકારો જાહેર નથી થયા. બાકી, આ ફિલ્મમાં એક એવી માનો સંઘર્ષ છે જેની દીકરીનું અપહરણ થયું છે અને તે ભારે જંગ ખેલી દીકરીને પાછી મેળવે છે. ‘એલિયન’નો વિષય ખબર નથી પણ સાઉથમાં ‘કે-13’ ફિલ્મ અને ‘અધ્ધમ’ નામની ટી.વી. શ્રેણી બનાવી ચુકેલા બરથ નિલકંઠની તે ફિલ્મ છે. ત્રીજી ‘વો લડકી હે કહાં’ તો આપણા પ્રતિક ગાંધી સાથેની ફિલ્મ છે. જે બનીને તૈયાર છે, પણ રજૂ થવા તૈયાર નથી. તેમાં તાપસી પોલીસ અધિકારી બની છે અને એક વરરાજા કન્યાની શોધમાં છે. આ એક કોમેડી છે. તાપસી માટે આ હાઇટાઇમ છે. જો તે કશું ખાસ હાંસલ નહીં કરશે. તો ફિલ્મો અને પિયરનો દેશ છોડી ડેન્માર્કની રહેવાસી થઇ જશે. તેલુગુ ફિલ્મોથી તેણે શરૂઆત કરેલી, પણ સાઉથના નિર્માતા તો નવી નક્કોર પણ હિન્દીની નિષ્ફળ જતી અભિનેત્રીને પહેલાં ચાન્સ આપે છે. તાપસીએ પ્રેક્ષકોમાં સ્થાન મેળવ્યું છે તો પણ તે કશુંક આંખો ચમકાવે તેવું કરી શકતી નથી. લોકો પૂછે છે કે ‘વો તપાસી હૈ કહાં?’ ●




સ્ટાર દમ

## હિમેશ હર રોલ મેં ફિટ...

‘આશિક બનાયા, આશિક બનાયા આપને’ ગીતનો ગાયક-સંગીતકાર હિમેશ રેશમિયા જો કે ઘણા સમય પછી નિર્માતા-હીરો તરીકે પાછો ફર્યો છે. હીરો તરીકેની તેની 11મી ફિલ્મ છે. તેની સાથે કીર્તિ કુલ્હારી, પ્રભુ દેવા, જહોની લિવર વગેરે છે

હિમેશ રેશમિયાને સંગીતકાર કહી શકો અને તેનાં ગાયેલાં બે-ત્રણ ગીતો એકદમ લોકપ્રિય બનેલાં એટલે ગાયક (ભલે નાકમાં ગાતો હોય) પણ કહી શકો પણ તેની ઇચ્છા છે કે બધા તેને અભિનેતા એટલે કે હીરો તરીકે પણ ઓળખે. કપિલ શર્મા પણ એવી ઇચ્છા લઇ ફરતો હતો. તેને હીરો તરીકે કોઇ લે નહીં એટલે જાતે જ નિર્માતા બન્યો અને હીરો બની ગયેલો. હમણાં શાંત છે, પણ હિમેશભાઇ નથી. ‘ખિલાડી 786’ ફિલ્મ નિર્માતા તરીકે જ બનાવેલી. તેણે ‘અહા’ ‘અમરપ્રેમ’, ‘આશિકી’, ‘અંદાઝ’ નામની ટી.વી. શ્રેણી પણ બનાવી છે. હવે તેની ‘બડાશ રવિકુમાર’ આવી છે. હિમેશ ફિલ્મ ત્યારે જ નિર્મિત કરે જયારે તેમાં તે હીરો હોય. આ વખતે એકશન મ્યુઝિકલ એન્ટરટેનર બનાવી છે. જેમાં ગાના- બજાના છે પણ તે 10 વિલન સામે ટક્કર લેતો હશે. આપણા અજય દેવગણ, ઋતિક રોશન, સલમાન ખાન, અક્ષયકુમાર, ટાઇગર શ્રોફ એક યા બે વિલન સામે ટક્કર લેતા હોય છે કે હિમેશ 10 વિલન સામે ટકરાશે. આ ફિલ્મ તેણે બીજા બે લેખકો સાથે મળી લખી છે. મતલબ તેની ટેલેન્ટમાં સતત ઇજાફો થઇ રહ્યો છે. આટલી ટેલેન્ટ તો અમિતાભ બચ્ચનમાં પણ નથી. હિમેશ તો રિયાલિટી શોમાં જજ તરીકે બેસી ગાયક ગાયિકાને સાંભળતો આંસુય સારતો હોય છે. ‘બડાસ રવિકુમાર’ રજુ થઇ રહી છે ને ‘સનમ તેરી કસમ’ પણ બનાવશે. ‘આશિક બનાયા, આશિક બનાયા આપને’ ગીતનો ગાયક-સંગીતકાર હિમેશ રેશમિયા જો કે ઘણા સમય પછી નિર્માતા-હીરો તરીકે પાછો ફર્યો છે. હીરો તરીકેની તેની 11મી ફિલ્મ છે. તેની સાથે કીર્તિ કુલ્હારી, પ્રભુ દેવા, જહોની લિવર વગેરે છે. અગાઉ તેણે સની લિઓને નક્કી કરી હતીય. ‘પ્યાર કિયા તો ડરના કયા’ જેવી સલમાન ખાનની ફિલ્મથી સંગીતકાર તરીકેની કારકિર્દી શરૂ કરનાર અને તેના ‘ઓઢ લી ચુનરિયા તેરે નામ કી’, ‘તુમ પર હમ હે અટકે યારા’જેવાં લોકપ્રિય ગીતો આપનાર હિમેશ રેશમિયા સંગીતકાર તરીકે મજબૂત છે. સલમાને તેને ફેવરિટ બનાવી દીધેલો એટલે ‘બંધન’, ‘હેલો બ્રધર’, ‘દુલ્હન હમ લે જાયેંગે’, ‘તેરે નામ’ સહિતની તેની ફિલ્મોમાં હિમેશ જ સંગીતકાર હતો અને એ ફિલ્મોનું સંગીત લોકપ્રિય બનેલું. સલમાન મૈંને પ્યાર કુંય કયાનું સંગીત પણ તેનું જ છે પણ પછી ગાયક તરીકે આશિક બનાયા આપને’, ‘આપકા સૂરૂર’, ‘ઝલક દિખલા જા’, ‘ચલો ના નૈનો સે’, ‘સહિતનાં ગીતો આવ્યાં અને તેની ઓળખની ક્ષિતિજ મોટી થઇ. તે નિર્માતા તો હતો જ. મૂળ આ હિમેશ ગુજરાતી છે તો ગુજરાતીપણું દેખાડયા વિના કેવી રીતે રહી શકે? કોમલ સાથે પરણ્યા પછી 22 વર્ષે છૂટાછેડા લઇ સોનિયા કપૂરને પરણેલો હિમેશ અત્યારે 51 વર્ષનો છે. હિમેશ રેશમિયા મેલડીઝ નામનું મ્યુઝિક લેબલ ધરાવતો આ ગાયક સંગીતકાર - હીરો પોતાના આલબમ બહાર પાડે છે.આ બધું કરવામાં તેની સંગીતકાર તરીકેની ફિલ્મો ઓછી આવે છે. છેલ્લે આનંદ એલ રાયની ‘રક્ષાબંધન’માં ‘નામ’માં, ‘સેલ્ફી’, ‘બેડ બોય’માં તેનું સંગીત હતું અને હમણાં ‘અપને-2’ ‘કભી ભી કહીં ભી’, ‘રાધા કયું ગૌરી મેં કયું કાલા’, ‘શેર’માં સંગીત આપી રહ્યા છે. એક વાત કહેવી પડે કે તે પોતાની ટેલેન્ટને સારી રીતે પ્રોફેશનલી મેનેજ કરે છે. ●



## જૂનૈદ - ખૂશી.. લવયાપા... યસ પાપા!

એક્ટર્સ લાઇફ



આમ તો હીરો તરીકે શરૂઆત કરનારા અભિનેતાઓને લવસ્ટોરી ફિલ્મથી શરૂઆત કરાવાય છે પણ આમીર ખાને તેના દીકરાની શરૂઆત મહારાજથી કરાવી હતી. એ ફિલ્મ હકીકતે કાંઇ ખાસ કરી શકી નહોતી પણ હા, જૂનૈદની શરૂઆત થઇ ગઇ હતી. હવે તેની બીજી ફિલ્મના શીર્ષકમાં લવ છે અને ફિલ્મમાં પણ તે ખુશીથી લવ કરશે ને જૂનૈદના બાપા- આમીર ખુશ થશે. લવયાત્રા આ ફિલ્મમાં તે શ્રીદેવી- બોની કપૂરની દીકરી ખુશી સાથે રોમેન્ટીક જોડી તરીકે દેખાશે. ધ આર્ચીઝમાં કામ કરી ચૂકેલી ખુશીની પણ આ બીજી ફિલ્મ છે. બંને ધમાલ કરે છે કે નહીં તે પ્રેક્ષકોનાં કુતૂહલનો પ્રશ્ન છે. હમણાં તો એવી ટીકા થઇ રહી છે કે બંને જણા ઓફ કેમેરા સાથે હોય તો ભાઇ-બહેન જેવા વર્તે છે. આ જરા વધારે પડતી આકરી ટીકા છે. બંને કલ્ચર્ડ છે. સંસ્કારી છે ને સમજદારીપૂર્વક જાહેરમાં વર્તે તો આવી ટીકા કરવી યોગ્ય નથી. લવયાત્રામાં તેઓ એકબીજા સાથે કેવા વર્તે એ જ મુખ્ય વાત છે. નવી જોડીવાળી ફિલ્મ રજૂ થવાની હોય તો બંને વચ્ચે ઉત્કટ રોમાન્સ છે એવી કહાણી ફેલાઇ જતી હોય છે. એ ઘણી વાર સાચી પણ હોય છે પણ પહેલી વાર જોડીમાં કામ કરનારે કાયદેસર પ્રેમમાં પડવું જ એવો નિયમ નથી.

લવયાત્રા ફિલ્મ તમિલ બ્લોક બસ્ટર લવ ટુ ડે ની રિમેક છે. મૂળ ફિલ્મમાં પ્રદીપ રંગનાથન અને ઇવાનાની જોડી હતી. લવયાત્રામાં જૂનૈદ દિલ્હીનો છોકરો બન્યો છે. દિલ્હીના છોકરા કેવું વર્તે, કેવી રીતે બોલે એ જોવા તે ત્રણ મહિના દિલ્હીમાં રહીને આવ્યો છે. જૂનૈદને આ ફિલ્મ માટે ઘણી કાળજી રાખી છે એટલે જ એક બ્લોક બસ્ટર ફિલ્મની રિમેક પસંદ કરી છે. ફિલ્મનો દિગ્દર્શક અદ્યૈત ચંદન પણ આમીરનો ફેવરીટ છે. તેના દિગ્દર્શનવાળી લાલસિંહ ચઢ્ઢા, ભલે માર ખાઇ ગઇ પણ સિક્રેટ સુપરસ્ટાર તો ખૂબ સફળ રહેલી હતી. આમીરે સાવધાનીપૂર્વક જોખમ લઇ તેને રિમેકનો દિગ્દર્શક બનાવ્યો છે. અદ્યૈત પણ ઇચ્છશે કે લવયાત્રાથી જોરદાર કમબેક કરે.

અત્યારે તો એવું લાગે છે કે 2025ના વર્ષની પ્રથમ સફળ ફિલ્મ તરીકે લવયાત્રા નામ નોંધાવી શકે છે અને જૂનૈદના નામે પહેલી સાચી સફળતા ચડે તેમ છે. ખુશી જો કે તેની બહેન જાન્હવી જેવી રૂપાળી દેખાતી નથી પણ મુખ્ય વાત છે. સ્ક્રીન પ્રેઝન્સની ઘણી વાર પરદા પર જાદુ હોય છે. તે ધ આર્ચીઝ પહેલાં બે શોર્ટ ફિલ્મમાં પણ કામ કરી ચૂકી છે અને હજુ લવયાત્રા રજૂ નથી થઇ તે પહેલાં નાદાનીયાં ધ ગઢવાલ રાઇફલ્સ અને અન્ય એક ફિલ્મ મેળવી ચૂકી છે. એ ફિલ્મોમાં પણ તેની સાથે નવા અભિનેતા જ છે. જેમ કે એકમાં અથર્વ મુરલી તો એકમાં સુજીત દેઓલ તો નાદાનીયામાં ઇબ્રાહીમ અલી ખાન છે. જૂનૈદ પણ મનસૂર દિગ્દર્શિત એક ફિલ્મ ઉપરાંત સુનીલ પાંડેની એક ફિલ્મમાં કામ કરે છે. આમીર પૂરી યોજના સાથે દીકરાને આગળ વધારી રહ્યો છે અને તેને આ નવું સરસ રીતે પાર પાડવાનું આવડે છે એટલે લવયાત્રાને રજૂ થવા દો. ગયા વર્ષે કોઇ નવોદિતે સેન્સેશન ઊભું નહોતું કર્યું પણ આ વર્ષ તેનાથી જૂદું હોઇ શકે છે. જૂનૈદ અને ખુશી કશુંક ખાસ કરવા તૈયાર છે. ●